પૃથુરાજ ચહુવાણ નાટક

ગાયનો.

રચી પ્રસિદ્ધ કરનાર

બુકસેલર ભગવાનદાસ દેવસીભાઇ ઠકર.

મુ. નીગાળા સ્ટેશન.

આવૃતી ૧ લી પ્રત ૨૦૦૦

અમદાવાદ:

સીવીલ હોસ્પીતાલને સામે શેઠ પાનાભાઇની

વાડીના મકાનમાં "વિશ્વેશ્વર પ્રેસ"માં

ઇશ્વરદાસ જેકણદાસે છાપ્યાં.

સંવત ૧૯૫૦; સને ૧૮૯૩.

કીમત રૂ૦-૨-૦.

સમશેર બાહાદુર મહારાજાધીરાજ પૃથીરાજ ચહુઆણનાં નાટકનાં ગાયનો.

સુત્રધાર (સ્તુતી) મેરા મમકા તરોના (રાગ),

માજી અર્જ અમારી, ઉરમાં ધારી; શેવકને સંભાળ;

અમો આ વારી, શર્ણું તમારી: કષ્ટ નીવારી; શેવકને.

સાર્દુલ વાહની સંકટ સહુના; દયા થકી કર દુર;

આરાસુરીમા અંબે અમારી, અર્જ સ્વીકારો ઉર.

ધાઓ વાર અમારી, બાળ નીહારી; કષ્ટ નીવારી, શેવકને.

આ અવનીમાં આશરો તારો કૃપાકર મમમાય;

પરમ કૃપાળુ પ્રેમ ધરીને, શેવકને થા સહાય;

સોહે મુરત સારી, મોહનગારી; કષ્ટ નીવારી; શેવકને

શ્રાવણ માસે સંગ્ર મળી મા, ગુણ તમારા ગાય.

માતુ તણો સુત શેવક આજે, પ્રેમ પ્રણમે

જાઉં તુજપર વારી; લાજ વધારી:

ભીમદેવ—(સ્થળ) પાટણ—

કેવીરે સુખી પ્રજા

રાજ્ય ક

ઉપજ અને ખર્ચ કેટલો કહો મને તમામરે. કેવી.
કેળવણી કેવી આપે છે સ્કુલના સરદાર;
પતીવ્રતાઓ નીજ ધર્મમાં કેવી છે હુંશીઆરો. કેવી.
વળી ખંડીઆ તણી ખંડણી બાંધી છે જે ખાસ;
શી રીતે ચાલે છે તેઓ કહો ધરી હુલાસરે. કેવી.

પ્રધાન— હે ચાંપરાજ. (૨)

સુનો ભીમદેવ (૨) હું સત્ય કહું આ વાર;
આપ રાજ્યમાં પ્રજા ઉપયોગી કામ થાય અપાર.
છે રામ રાજ્ય (૨) પ્રજા સુખી બહુ થાય;
કામદારો સૌ રીત પ્રમાણે કામ કરે છે આંય.
છે નેવું ક્રોડ (૨) ઉપજ રાજ્યની માંય;
ખર્ચ પંચાશી ક્રોડનું સત્ય માનજો રાય.
જે બંડખોરા (૨) તેને શીક્ષા બહુ થાય;
મુદત પહેલાં ખંડણી સૌ રાજાની ભરાય;

ભીમદેવને એકે સ્વરૂપવાન રાણી ન હોવાથી પોતાના ભાટને સમપણ કરવા વાસ્તે આબુના રાજા ઉપર પત્ર લખી આપે છે.

દીલ્હીમાં અનંગપાળની કચેરી.

અનંગપાળને પુત્ર ન હોવાથી પોતાના પ્રધાનને કહે છે.

રાગ લાવણી.

... વાર કહું છું આજે;
... દાજે.
... ગાદી;

બોલાવો જોશીરાજ, સત્ય તો કહેશે;
મુજ મનડા કેરી ભ્રાંત, દીલથી જાશે.

પ્રધાન— રાગ પીલુની ઠુમરી.

આપનું વચન માથે ચડાવી, લાવું હું જલ્દી જોશી બોલાવી;
ફીકર છોડો દીલ્હીના ઇશ, લખ્યું જે કર્મ તે કરે જુગદીશ.

જોશી આવે છે.

અનંગપાળ— રાગ ગીતી.

જોશી વીચારી જુઓ. બ્રહ્મ પુત્ર મહારાજ;
હીંદુસ્તાનની ગાદીનું. ભવીષ્ય ભાખોની આજ.

જોશી— રથ ચડી જદુનંદન આવતો.

સુણ અનંગપાળ સત્ય કહાવતહે, પૃથીરાજ ગાદીપર બેહાવતહે;
સુલતાન બાદશાહ શહાબુદ્દીન તે લેશે રાજ્ય કરતો દીન દીન.
તુર્કટકશે હીંદ સાતશો વર્ષ, પરણે બેઠી હીંદની આણી હર્ષ;
ટોપીવાળો તવ આવશે અંહી. ઇંલિગ કીલમ ચલાવત સહી.

અનંગપાળ— રાગ ભેરવી ગજલ.

સુણો પ્રધાન માહરા, શ્રવણ કરો ચીત્તથી;
પૃથીરાજ બુદ્ધીવાન છે, તેડાવો તેને પ્રીતથી.
રાજ્ય આબાદી માંય તો, પૃથીરાજ રાખશે સહી;
વીચાર મારો એહ છે, સત્ય કહુંછું હું અ—
જરાપણું હવે થયું, જવું જરૂર વન—
તપસ્વી થઇ રહું ત્યાંહી, —
રૂડો થશે એ રાજ—
ભલો મુને —

અજમેર ગાદી એહ છે, પ્રજા પાળે છે પ્રીતથી;
જઈ બોલાવો તેહને, કહું છું એવી રીતથી.

પ્રધાન— ધનાશ્રી.

જાઉં છું તેડવાને કાજ, દીલ્હીપતી જાઉં છું તેડવાને કાજ;
અજમેર જઈ લાવું બોલાવી, સત્ય સુણો મહારાજ. દી.
બહુઆણમાં પૃથીરાજ શુરો છે, ભોગવે આપણું રાજ; દી.
દુશ્મન સર્વે થર થર કંપે, સુણીને પૃથીરાજ. દી.

પૃથીરાજની કચેરીમાં દીલ્હીના દીવાનનું દાખલ થઈ

દીવાન— બંધ કીલ્લો બાપુજી શું કામ.

સુણો પૃથીરાજ આણે ઠામ, સુનો મહારાજ આણે ઠામ.
હું છું દીલ્હી દીવાનરે, સુનો.
દીલ્હીપતીને પુત્રજ નથી (૨) તેથી પડીઉં આપ કામ. હું છું.
સત્ય વકતાને પુછી જોયું ત્યાં (૨) લીધું તમારૂં નામ. હું છું.
દીલ્હીની ગાદી સોંપવી તમને (૨) તેથી તમારૂં તો કાગ. હું છું.
મહારાજાએ મોકલ્યો મુજને (૨) તૈયાર થાઓ નીરવામ હું છું.
મહારાજા ત્યાં સૈન્યાશ લેશે (૨) ફેરવે દુવાઈ તમ નામ. હું છું.

પથીરાજ— કયમાશ પ્રધાન પ્રતે (બનજારો.)

પ્રધાન મુજ આ વારી, કરૂં દીલ્હી જવાની તૈયારી;
તેડાવ્યો, હર્ષ લાવી મુને બોલાવ્યોરે.
...રી, કરૂં.
... દુશ્મનનું પતનરે;

... પુંછુરે.

થતું રાજય ઉપર ઉપકારી. કરું.
કોઇ બળા જુધ્ધો ચડી આવે, આપને જોતે અકળાયે.
લખવો પત્ર દીલ્હી તે વારી. કરું.
પ્રજા ઉપયોગી કામજ કરવા, ન્યાય કાયદા ધ્યાંનમાં ધરવારે.
રાય રંકનો ન્યાય એક તારી. કરૂં.
છો આપ અતી ગુણ વાંન, અતી આપ છો સુજાણરે.
પ્રજા ઊપર દયા દીલ ધારી. કરું.
પણ રાજાનો જાણી હું ધર્મ, કહેવાં પડે છે વચન મંમરે;
રાજ્ય ચલાવજો સુખકારી, કરું.

પ્રધાન— રાગ સદર.

ફીકર કરશો નહીં તલ ભારી, સુખે પધારો દીલ્હી આ ધારી:
સુખ થકી પધારો મહારાજ, કરો રૂડી રીતે દીલ્હી રાજરે;
આજે આનંદ ઉરમાં ભારી, સુખે.
કશી ચીન્તા કરશો નહીં રાય, જયાં સુધી મારી છે કાયરે;
પ્રજા દુખ ન પામે લગારી. સુખે.

(જાય છે.)

દીલ્હીમાં અનંગપાળની કચેરી.

પૃથીરાજને આવતો દેખી અનંગપાળ.

દોહરો.

ભલે પધાર્યો ભાઇ તું, આનંદી દીન આજ:
ઉત્તર ખંડને દૈવ્યગતી, પાર નહીં ૫૦

અનંગપાળ— સોરઠની

ભાણેજ જયચંદ

તેથી ફરીને રાજ્ય આ, સોંપવું તુનેતો સહી. ભાણેજ.
રાજ્ય ચલાવે રૂડી રીતથી, પ્રજા પાળોને પ્રીતથી;
ઉપયોગી કામ કરવા ખરે, શ્રવણ કર તું ચીતથી. ભાણેજ.
જરા અવસ્થા મારી થઇ, વનવાસ જવું મારે સહી;
તેથી બોલાવ્યો તુજને, દીલ્હી સોંપુ તુને સહી. ભાણેજ.
(અનંગપાળ જાય છે.)

કંચનીઓ— દીલદારી કીનીરે.

આજ આનંદ ભારીરે, આજ આનંદ ભારીરે;
રાજા ખમા ખમા.
રાજ્ય તપો રવી તુલ્ય રહો, મન આનંદ આજનો ભારીરે;
નાચતે, ખુંદતે, હસ્તે, રમતે, જય ગાદી આપીરે;
ભુપ પૃથીરાજ રહો, પ્રજા સુખેથી પાળોરે;
ગાતાં, વાતાં, જોતાં. હસતાં, ગમત થાતીરે. આજ.
મન અંદરજ સૌ રાજી રહેને, ખબર પ્રજાને પાવેરે;
ચલતે, હસ્તે, ખીલતે, જોઇતે, સહુ સલામે જાવેરે. આજ.
આબુ પુરીની કચેરીમાં ભીમના ભાટનું દાખલ થવું.

ભાટ— કવીત.

દીઠો દીઠો મેંતો ભુપ, નથી તેના જેવું રૂપ;
વીદ્યામાંતો જાણો કુંપ; ભીમદેવ ભાલ્યો મે.
...ત્ર નામ સાંભળી, નમે તેતો લળી લળી;
... જાય બળી, ભીમ નામ સાંભળી.
...ત્ર મીઠુ નામ જપે;
...શમાં.

રણુમાં છે રણ ધીર, ભારથમાં ભડ વીર;
કાન્તીમાં છે બાવન વીર, ભીમદેવ ભાળ્યો એ.
લડાઈમાં શુરો પુરો, તેજમાં નહીં અધુરો;
ચોક મોતી અન પુર્યો, પાટણ શેહેરનો.
હીરા મોતી પાકે બેશ, સેવા પણ કરે શેશ;
આજે ગુજરાત દેશ, ભોળા ભીમદેવની.
મોટા મોટા શાહુકાર, દીસે પાટણ મોઝાર;
જીભથી ન આવે પાર, આજે પાટણ શેહેરનો,
ભીમદેવનો લખેલો પત્ર જેતસી પરમાર વાંચે છે.

ગુરૂ ગોવીંદના મહીનાનો.

સ્વસ્તી શ્રી આબુ પુર, શોભે અતી સારૂંરે;
હર્શ આણીને હું ઉર, લખવા પત્ર ધારૂંરે.
છો જેતસી પરમાર, કુળમાં દીવારે;
શોભાવો કુળ અપાર, સગપણ લેવારે.
આજે લખ્યો છે મેં પત્ર, હુલાસ આણીરે;
તેનું માન રાખશોજી છત્ર, કહું શું તાણીરે.
તુજ પુત્રી જે રે ઇચ્છન, તેને વરવારે;
એવું ધાર્યું છે મે મન, આપ છો ગરવારે,
તેથી લખીઓ મેં પત્ર, શાણા રાયરે;
નહીંતો લડાઇ કરૂં તર્ત, જાણો મનમાંયરે.
લખનાર ભીમદેવ રાય, પત્રથી જાણોરે;
થોડું લખ્યું ઘણું મનાય, અંદેશો ન આણોરે.

રાગ ક્ષત્રી કલંકનો.

માન મારૂ જેતસી પરમાર, વીચાર મનમાંહે આણીરે;
નહીંતો મારૂં હું તુજને ઠાર, જાણું શું કહું હુંતો તાણીરે.
ઇચ્છન તારી છે જે બાળ, વીચાર,
પરણાવ નહીંતો આણું કાળ; જાણું.
ફરે ફરે મન તું વીચાર, વીચાર.
શીદ હાથે થાય ખુવાર. જાણું.
ઇચ્છન કુંવરી માહરી જોગ, વીચાર.
બીજે આપતો લઊં તુજ ભોગ; જાણું.
સત્ય માનજે આબુરાય, વીચાર.
નહીંતો પડશે તાહરી કાય; જાણું.
મુજ ભાટ આવ્યો તુજ પાસ, વીચાર.
ખાજે ગોળ ધરી હુલાસ. જાણું.
લખનાર ગુજરપતી નાથ, વીચાર.
જેવો હોય તેવો દે જવાબ. જાણું.

રાગ સદર.

જેતસી—શું પરણે ભીમ મુજ બાળ, અંહકારી તુને દાર મારૂંરે.
વાંચી પત્ર ઉઠે મુને જ્વાળ, નહીં કાઢ તું કુળ સારૂંરે.
તને બતાવીશ મુજ હાથ, અહંકારી.
તારો મારૂં હું સર્વ સાથ; નહીં.
કદી પામું હું ઇશનું ધામ. અંહકારી.
પણ ભેગા લઊં તુજ પ્રાણ. નહીં.
નથી દીઠો તેં માઇ કેરો પુત્ર, અંહકારી.
ઇચ્છન સાટે આપું તુને જુત. નહીં.

સોલંકીમાં થયો શીયાળ. અંહકારી.
તારા કુતરાના જેવા હાડ, નહી.
એને પરણશે પૃથીરાજ, અંહકારી.
હું સત્ય કહું છું આજ, નહીં.

જેતસી પરમારનાં ક્રોધાળાં વચન સાંભળી ભાટ જાય છે ને પ્રધાન પૃથીરાજ ઉપર કાગળ લખી મોકલાવે છે.

ભીમદેવની કચેરી.

ભાટ દાખલ થઇ જેતસી પરમારે જે પ્રમાણે કહ્યું તે પ્રમાણે કહી બોલ્યો કે મહારાજા એનો વીચાર પૃથોરાજને દેવાનો તે સાંભળો.

અમરશીંગ— એવીરે રંભા જાણી જાવા કેમ દઈએ.

એવુંરે રતન સ્વામ છોડી કેમ દઇએ.
ચાલે ચાલે હંસની ગતી, શોભે અતી શણગાર;
આવી ત્યાંથી લઈ જાય તો, મારું હું નીરધાર. એવુંરે.
જેતસી પરમાર ખંડીઓ રાજા, તેની ઇચ્છન બાળ;
પૃથીરાજને પરણાવે તો આણું તેનો કાળરે. એવુંરે.
કુળ તણી કીર્તી ઘટે, પરણે જો પૃથીરાજ;
આવી ત્યાંથી લઇ જાય તો, લાજે તવ મહારાજ. એવુંરે.
આગળ આપણાં પુર્વેજોએ, કેવાં કીધાં કામ;
જીર્ણ દુર્ગના રાહખેંગારને, માર્યો દોદ ઠામ. એવુંરે.

ભીમદેવનો રાજ્ય મેહેલ.

ભીમદેવ—પ્રાણ પ્રીયા આબુ પર્વતના જેતસી પરમારની કુંવરી માટે કાલે પૃથીરાજ સાથે ત્યાં લડાઇ થવાની છે માટે

મુખેથી રજા આપ એટલે હીરણાક્ષીનો શીકાર કરી ફતેહના નીશાન જલકાવું ઢીલ કર નહીં.

રાણી— જઈ ગુમાવી આવ્યા.

નહીં વાત વદો એ બાત જરી, પ્રીતમ રહો આપ સુખકરી;
મોટા સાથે બાથ ન ભીડો, કહે છે દાસી કરગરી.
પ્રાણનાથ અર્જ ઉર ધારો, દાસીની વીનતી સ્વીકારો;
યુદ્ધ વાત નાથ ન વધારો, કાંઇ સાર અસાર વિચારો.
કાંઇ દયા ઉરમાં ઉતારો, હવે આગળ પગ નહીં તમે ધારો;
છે સોળ સામત તેના ભારી, નહીં ફાવવા દે તે કારી;
ક્ષણમાં નાંખે વીદારી, થર થર કંપે કાયા મારી;
નહીં યુદ્ધમાં જવા દેનારી, પ્રાણનાથ જુઓ વીચારી. ન.

ભીમદેવ— પ્રીયા શોક છોડો તમે.

શોચ છોડ તું સુંદરી, શાને દીલ અકળાય;
ગયા વગર ચાલે નહીં, સોલંકી લજવાય. શોચ.
કાચ્છન કુંવરી આણવા, કર્યો નિશ્ચય આજ;
તે વીના સર્વે સુનું છે, સુનું સર્વે આ રાજ. શોચ.
ઇચ્છન કુંવરી હીરણાક્ષી જે, કરવો તેનો શિકાર;
મેહેલ શોભાવવા આપણો, લાવું તેને આ ઠાર. શોચ.
રૂદન કરના પ્યારી માહરી, જાવું મારે જરૂર;
પૃથ્વીરાજને ચડયો છે, મન માંહે મગરૂર. શોચ.
તે આજે ઉતારૂં હું, કરૂં સીદ્ધ જઇ કામ;
હર્ષાતુર મુખે કરી, આપ રજા આ ઠામ. શોચ.

(જાય છે.)

દીલ્હીમાં પૃથીરાજની કચેરીમાં જેતસી પરમારનો જાસુસ કાગળ આપે છે.

રાગ (માઢ)

સુણો પૃથીરાજ આવારી, ઉરમાં ધારી. વીનતી લેજો ધ્યાન;
દુખ અમારૂં દુર કરવા, થાજો તમે તૈયાર.
હેતથી પત્ર લખીએ, લગાડો નહીં વાર;
ઇચ્છન બાળ અમારી, દેવા આ વારી, કરીએ તૈયારી: વીનતી.
પાટણ પતી ભીમ જે રાજા, જાસા નાંખે રોજ;
તે માટે તેડાવ્યા તમને, આવો લઇને ફોજ.
જાય લાજ અમારી, દીલમાં ધારી, આવો આવારી. વીનતી.
ઇચ્છન આપને અર્પણ કરવા કર્યો મન વીચાર;
તેથી મેં તમને પત્ર લખીઓ, પધારો આ વાર.
ધાઓ વાર અમારી, દીન વીચારી, આવો આવારી. વીનતી.

પૃથીરાજ— **ચાલો ચાલો આજ.**

નીમકહલાલી નોકરો, તૈયારી યુદ્ધની કરો;
ક્ષત્રી ધર્મ છે ખરો, બજાવવો ખરે ખરો.

સેનાપતી—સેનાપતી હું આપનો શ્રેષ્ટ, મારી લાતને ફોડું પેટ;
લડું લડાઇ ખુશીની સાથ, બતાવું શત્રુને હાથ. નીમક.

લશ્કર—અમે સર્વ આપના દાસ, રહેશું સર્વે આપની પાસ;
બાંધીઆ અમે હથીઆર, મારશું શત્રુને ઠાર. નીમક.

પ્રધાન—સીંહથી શીયાળ નાસે, તરકડા બળેથી ત્રાસે;
ભાલું બરછી લઇ ઉલાસે, ચકવે દીલ્હી શેહેર થાશે.

પૃથીરાજ—નીમકહલાલી નોકરો તૈયારી યુદ્ધની કરો;

ક્ષત્રી ધર્મ છે ખરો, બજાવવો ખરે ખરો.

પૃથીરાજ આબુ પુરીની તળેટીમાં પોતાનો તંબુ તાણે છે.

(સ્થળ. ઇચ્છનનો મહેલ (બીહાગની ગજલ.)

ઇચ્છન—કેમ ના આવ્યા દીલ્હીપતી, વાર બહુ થઇ;
ફાસી જઇને ખબર લાવ, કેમ આવ્યા નહીં.

દાસી—દૂર પંથ બાઇ ગણો, ધીરજ રાખવી.
દીલ્હીપતી આવશે, સંદેહ તો નહીં.

ઇચ્છન— ઝીંઝોટી ઠુમરી.

વહાલો પ્રીતમ વરવો હે શાણી સખી. ટેક.
જાન કરૂં કુરબાન પીયાસે, સફળ જનમારો કરવો હો. શાણી.
નાથ ચતુર રૂપી નાવથી મારે, નક્કી ભવસાગર તરવો. હે.
એક નીતીનો અવીચળ રાખું હું, ધર્મપર પગ ધરવો. હે.
સેજ પલંગપર ભુલી કંગનવા, ગંભીર આબુ છે ગરવો. હે.
જાયર સાતળ અસ્તવંદુતો, એકજ શબ્દ ઉચરવો. હે.

માલતીદાસી— કહો તો રાજા સાથે આવું.

આશાપુરે અવીનાશી તારી, અહન ગતી છે પ્રભુની ન્યારી.
મન ગમતો સ્વામી મલશે તુંજને; ધૈર્યરાખો શોકને તજીને આ.
સીંહની ઉપર ચોટજ નાંખી, નીષ્ફળ જાશે તેરે નીરાશી. આશા.
પૃથીરાજ ન ભાળીને બાગે, જેનીવાર સીંહ ચોટજલાગે. આશા.

માલતીદાસી— પૃથીરાજનો તંબુ (લાવણી)

સુનો મહારાજા આવાર, વીનતી મારી
ઇચ્છન મલવાને કાજ, ઇચ્છે આવારી,
માટે ચાલો ને મારી સાથ, વીનતી ધારી

દાસીની ઉરમા અર્જ, ક્યોને સ્વીકારી

(પૃથીરાંજ. જાયછે)

ઇચ્છનનો મહેલ.

ઇચ્છન— (ઇંદ્ર સભાની ગજલ)

પ્રાણનાથ પ્રાણનાથ પ્રાણનાથરે
દાસીની આશા પુરોને પ્યારા નાથરે
આપજ્યારે અંહી પધાર્યા, મુજપર કરી કૃપા.
તેથી સ્વામી હુ દાસીને, અતી હર્શ તો થાય, પ્રાણુ.
સંસાર સુખને જાણુ નહીં, સ્વામી સાચીવાણુ
માટે મુજપર મેહેર કરીને, કરો સર્વથી જાણુ. પ્રાણુ

પૃથીરાજ— સાંભળું શાબોલો.

પ્યારી તારાં વચન સુણી,
વચન સુણી વચન સુણી. પ્યારી.
તુજ તણી જોઇ છબી પ્યારી;
દુખ હું સઘળું જાઉં વીસારી.
કોમળ મુર્તી આનંદકારી;
પ્યારી–સારી–વારી. તમારી રાણી પ્યારી.

ઇચ્છન—સરખા સરખી મળી છે જોડ;
પુર્યા ઇશે મુજ મનના કોડ.
દીસે નહીં કાંઇ ખાંપણુ ખોડ;
જોડ એ કોડ–ખોડ. પ્રાણનાથ. સરખા.

પૃથીરાજ—વચન લાગે અમૃત જેવાં,

ઇચ્છન—પ્યારા તણી હું ઇચ્છું શેવા;

પૃથીરાજ—સુણ એ આપે અખંડ હેવા.

હેવાં—એવા—શેવા—તમારા રાણી. પ્યારી.

ઈચ્છન—પ્રાણનાથ પણ ભીમદેવની સ્વારી અંહી પડેલી છે માટે ગુપ્ત રીતે નાસી જઈએ નહીતો હરકત કરશે.

પૃથીરાજ— **રાજ ક્ષત્રી કલંક.**

કોણ માત્ર છે ભીમદેવ, ગોતી હું ભાંગું ગાત્ર તેનાંરે.
પ્રીયા વદ નહીં કાયર વેણ. ગોતી.
હજી પાંડવ કેરૂં પુર; ગોતી.
કરૂં ભીમદેવ ચકચુર. ગોતી.
જાય શીશ મારૂં જો આજ. ગોતી.
ન લોપું ચહુઆણની લાજ. ગોતી.
લાજે સોમેશ્વર મુજ તાત. ગોતી.
વળી લાજે મુજ તણી માત. ગોતી.
કાલે કરૂં હું પ્રીતેથી યુદ્ધ, ગોતી.
ન રહે તેહની શુદ્ધ. ગોતી.

જાયછે.

(અજમેરમાં કર્ણાટકીનો મેહેલ કયમાશને આવતા દેખી
રાગ આશાગોડી.

પધાર્યા પ્રાણાધાર, પ્યારા મારા પધાર્યા પ્રાણાધાર;
ઉમંગ મુજને થાય છે ભારી. દેખીને બંબીકાર, પ્યારા.
દાસીની સાથે રંગે રમોને, દર્શન દીધાં દેદાર. પ્યારા.
આપ વીનાં આ સર્વ સુનું છે, સત્ય કહું છું આ વાર. પ્યારા.
પ્રાણનાથ હું આપ ઉપરથી, જાઉં છું બલીહાર. પ્યારા.

આવીજ રીતે સદા દાસીને, દરશન સુખકાર. પ્યારી.

કયમાશ— રાગ સદર.

પ્રીતી છે સુખકારી, પ્યારી તારી પ્રીતી છે સુખકારી.
હીરણાક્ષી તુજ મુખ જોઇને, શાન્ત થાઉં આ વારી. પ્યારી.
તુજ વીના સર્વ અસાર લાગે, મારૂં જીવન પ્યારી. પ્યારી.
ધીક ધીક જીવવું વથારે દીસે, પ્રીતમને નહીં પ્યારી. પ્યારી.
નેન કટાક્ષ ધનુષ્ય દીસે, પ્યારી તારૂં આવારી. પ્યારી.
કોકીલ સ્વર મધુર લાગે, જોડ તુજ નહીં ભાળી. પ્યારી.

કયમાશ કર્ણાટકીના ખોળામાં સુઇ જાય છે પૃથીરાજ તે દેખી ધનુષ્ય ને બાણ ચડાવી કયમાશનું છેદન કરે છે અને કર્ણાટકી ત્યાંથી ભાગી કનોજમાં જાય છે.

ચંદ— જયચંદની કચેરી.

મહારાજા મહારાજ, દીઠો મેતો પૃથીરાજ;
દીલ્હી શેહેરમાંતો આજ, ભુપનકો ભુપ હે;
વીજયાસુર જેવો રાજા, તેની પણ લોપી માજા;
ધ્રુજે છે સર્વ રાજા, દીલ્હી મહારાયને.
કાન્તી જેની કામ રૂપ, કટાક્ષ છે બાણ રૂપ;
ભલો ભલો દીલ્હી ભુપ, હીંદુસ્તાન તણો ધણી;
જીત્યો ગુજરાત ઇશ, નવ ખંડ પાડી ચીસ.
સાહ્યે શ્રી જુગદીશ, દીલ્હી પૃથીરાજને,
સુલતાન સાત વાર, હરાવ્યો આની વાર;
પ્રજા પર અતી પ્યાર, હીંદુસ્તાન ધરા ધણી.
ભલો ભલો પૃથી રાજ, એવો કો ન દીસે આજ;

જાણો જયચંદ રાજ, હું કહુ તે સત્ય છે.

સંયોગતાનો મહેલ.

સંયોગતા— દક્ષીણી રાહની લાવણી

દાસી શું કરૂં પ્રાણનાથ ના આવ્યારે.
અરર હાય ફીકર થાય, મન મુંજાય, કંપે કાય.
યુદ્ધે સ્વામી જાવેરે. દાસી.
સ્વામી જો જશે, કરવું હવે શું મારેરે;
તેથી ઉચાટ, પતીને માટ, ઘડુ હું ઘાટ, સુણ તું વાત;
પ્રીય બેની મારીરે. દાસી.

દાસી— રાગ સદર

ફીકર પરહરો પ્રીય બેન મારીરે;
કહું છું ખાસ, લાવું હું પ્રાસ, જ્યાં છે વાસ, થાય હુલાસ;
સત્ય કહું આવારીરે. ફીકર.
કંચન જેવી કાયા છે તમારીરે.
રાખો ને ધીર, આવે શુરવીર, મારીને મીર, નાંખીને તીર;
સુખ દેશે બહુ ભારીરે. ફીકર.
પણ બાઇ કહું ધારીને હું ધર્મરે,
પતી વીલાસ, રાખો ન આશ, મનમાં ત્રાશ, કહુંછું ખાસ;
કવાશ રાખો શર્મરે. ફીકર.

સંયોગતા—અરે દાસી તું બળતામાં વારી હોમવાને કેમ તૈયાર થાય છે તું તારા મન પ્રતે વીચાર કરકે તારો મારી પ્રતે કેવો ધર્મ છે.

કર્ણાટકી—બાઇ આપ ક્રોધ કરો નહીં ફક્ત મારૂં એટલુંજ કહે-

વાનું છે પૃથ્વીરાજ આપના પીતાશ્રીના દુશ્મન છે આ વાતની જો પુન્ય રાજ્ય પીતાશ્રીને ખબર પડે તો આપણી શું વલે થાય.

સંયોગતા—બસ હું તને કહી ચુકી છું કે તારે વધારે પરપૂછ કરવાની જરૂર નથી બરાબર કામ બજાવ નહીં તો રંડ કાઢી મુકીશ.

દાસી—નહીં બાઇ સાહેબ આપ દયાળુ થઇ આમ કરો નહીં હું તો જરા મસ્કરી દાખલ કહેતી હતી કે આપનો પ્રેમ પ્રીતમની સાથે કેવો લાગેલો છે.

સંયોગતા—હવે તું જરાપણ ઢીલ ન કરતાં પ્રાણનાથને સત્વર બોલાવી લાવ.

દાસી— (રસ્તામાં) **ઇંદ્રસભાની ગજલ.**

ધીક ધીક કામ દેવને, ને ધીક તુને છે બાઇ;
શત્રુ મળવાને આજે, ઇચ્છા તારી થઇ.
પીતા તણો એ પુર્ણ વેરી, જે છે પૃથ્વીરાજ;
લગ્ન કરવા તેની સાથે, ઇચ્છું છે તેં આજ.
ફીટકાર કરૂં હું કેટલો, અરે તુને હું આજ;
નીજકુળ કેરા ધર્મની, લોપી તેં તો લાજ.

કર્ણાટકી—પૃથ્વીરાજની છાવણી. (**મેવાડો.**)

પ્યારા સુણો મહારાજરે, માનો મારી વાત;
તેડવા આવી હું આજરે. માનો.
મધ્ય રાત્રની ઘોરજ રાતે, તેડવા આવી અહીં;
માટે પધારો દીલ્હી પતી, બોલાવે મારી બાઇ. માનો.

આંજની માટે દુખ બહુ વેઠે, કરે અતી કલ્પાંત;
બાઇ મારી રાહ જોઇ બેઠી, કરો તેને શાન્ત. માનો.

પૃથ્વીરાજ— રાગ મેવાડો.

કહે અપસરા સત્યરે, કોણ તારી છે બાઇ
મને લાગે અચરતરે. કોણ.
મર્મ વચન બોલી પ્રીતે ખુલ્લુ કરવા આ વાર;
વચન લાગે અમૃત જેવાં, રૂપ છે બલીહારરે. કોણ.
જુઠું જુઠું બોલી તુતો છેતરવાને રાયજ;
જેસચંદ કેરો જય કરવાને, આવી છે તું આજરે. કોણ.

દાસી— નારીના કટાક્ષ પાસે.

સુનો પૃથ્વીરાજરે, કહુછું સાચી વાત;
સંયોગતાની દાસી હુંછું, માનો મારી વાત.
છળ કરી છેતરૂં ના, ભુપ કદી આજ;
કર્ણાટકી દાસી હું છું, રાખુ આપ લાજ.
સ્મરણ કરે રાત્ર દીન, માનોની મહારાજ;
એહ માટે તેડવાને, આવીછું હું આજ.

(સંયોગતના મહેલાં પૃથ્વીરાજ દાખલ થાય છે તેને દેખી.

સંયોગતા— પીતાજી આ કોપ તમે શો કરો.

પ્રાણ નાથ ઉમંગ દીલ આજ, પધાર્યા પ્રીતે મારા શીરતાજ;
પુર્યા હશે મુજ મનના કોડ, મળી આપણ સરખા સરખી જોડ.
થયા ગંગાનો સ્પર્શ આજ, પવીત્ર મુજ દેહ થઇ મહારાજ.
અણુ પર રાજ્ય કેરો છે આલ, રાય જેણો સાથે મોકું છે સાલ.
માબાપોની નીત મુકીને દુર, વળી કુટુંબ મેલ્યું વેહેતે પૂર.

તેહ આપ માટેરે મહારાજ, દાસી પર કૃપા આણી તમે આજ

પૃથીરાજ— બીહાગની ગજલ.

કોણ મુને આ જગતમાં, છે હરાવનાર;
સીંહ દેખી શ્વાન જેમ, નાસે આમ તેમ.
તેમ કોઈ મારી આગળે, રહેજ નહીં ક્ષેમ;
બાજ કેરી ચોટથી, તેતર નાસી જાય.
તેમ પ્યારી મારા ડરથી, થર થર કંપે રાય;
દુનીઆમાં દેખું નહી, કદી માઈ કેરો તન.
પ્યારી સર્વ અરી કેરૂં, કરૂં રે હું પતન;
ગુજરાતનો મહીપતી, જે ભીમદેવ રાય;
તેની ક્ષણું એકમાં, વીદારી મેલો કાય.
શાહાબુદ્દીન સાત વાર, હરાવ્યો મેં પ્રીતથી;
વીજયાસુરની માળા લોપી, જાણો પ્રીયા ચીત્તથી.
રાક્ષસ મનુષ્ય કે દેવ છે, આ ભૂત કે ભુમી વીશે;
પૃથીરાજ ચડશે રણ વીશે, કોણ જગતમાં જીતી જશે;
તો જયચંદ કોણ માત્ર છે, પ્યારી તું તો જાણજે;
હરાવું ક્ષણું એકમાં, અંદેશો ન આણજે.

સંયોગતા— જફાવો સીતમકું.

દાસી તું તો અબીલ ગલાલ લાવ, પ્રીતમ ભેટયા તણો છે પુર્ણ ભાવ.
મળી કેતકીને ચંપાની જોડ, હર્શથી પુરૂં હવે મનના કોડ.
કરતાં મારે પ્રીત થશેરે લગન, ઇશ આપણું છેહેરે બીધન,
સીશ સાટે જાણું હું મહારાય, મેઉલા આજે મોતીડાના થાય;
મળે સાકર માંહી દુધ જેમ, જોડું આપ્યું ઇશે પ્રીતેથી તેમ;

લાવ જોશીને જલદી આવાર, પરણું પ્રીતમ સાથે ધરીને પ્યાર,

કર્ણાટકી— ધનાશ્રી.

લાવું હું જોશીરાજ, બાઇ મારી લાવું હું જોશીરાજ;
જલદી તેડીને લાવું હું આંહી, થાય પુરણ તમ કાજ. બાઇ.
સોળે શણુગાર અંગે સજોને, પરણો તમે પૃથીરાજ. બાઇ.
સામગ્રી સર્વે લેતી આવું છું, કરૂં તમારૂં હું કાજ. બાઇ,

(યથા૰વીધી લગ્ન કરી સર્વ પૃથીરાજને મુકામે જાય છે.)

(જયચંદની કચેરીમાં પૃથીરાજનો લખેલો કાગળ ચંદ આપી વીદાય થાય છે.)

રાગ ક્ષત્રી કલંક.

કર્યું તુજ પુત્રીનું મેં હર્ણ, કનોજ પતી સત્ય માનોરે;
હું સંભળાવું તુજને કર્ણ. કનોજ.
જો હોય ક્ષત્રીનો કુમાર. કનોજ.
તો આવજે બાંધી હથીઆર. કનોજ.
હું જોઉં બેઠો તારી વાટ. કનોજ.
મેં મુકામ નાંખ્યો નદી ઘાટ. કનોજ.
માટે આવ તારૂં લઇ દલ. કનોજ.
આજે દેખાડ તાહરૂં બળ. કનોજ.
તેં જીત્યા ઘણારે રાજન, કનોજ.
પણ પૃથીરાજને પીછાન. કનોજ.

જયચંદ— રાગ સદર.

એમ લઇ જાય શું કન્યાય, ચહુઆણ તુંને ઠાર મારૂંરે;
સાવધ થાઓ સૌ સન્યાય. ચહુઆણ.

આજે જોજે માહરા હાથ. ચહુઆણુ.
મારૂં હું તારો સર્વે સાથ, ચહુઆણુ.
તેં લીધી માહરી લાજ. ચહુઆણુ.
તેનો બદલો લઉ પૃથીરાજ. ચહુઆણુ.
ફટફટ તુને ધીક્કાર. ચહુઆણુ.
તેં વીચાર્યું નહીં લગાર. ચહુઆણુ.
સુતો જગાડ્યો મણીધર. ચહુઆણુ.
તું કેટલેક જઇશ ઉંદર. ચહુઆણુ.

પૃથીરાજની કચેરી. રાગ (કલ્યાણ)

પૃથીરાજ—શુરા સઉ તમે, સંગ ચાલો આ સમે.
સીંહ સર્વે લોકને ઉમંગથી દમે,
ક્ષત્રી કેરો ધર્મ જાણીને, થાઓ તમે તૈયાર.
પ્રજા હીતકારી કામ કરોને, મારો સીંહને ઠાર. શુરા.
માટે મારૂં માન કરીને, ચાલો સર્વે સાથ;
જંગલમાં જઇ યુદ્ધ કરોને, લડો સીંહની સાથ. શુરા.

ગુફામાંથી સીંહને કાઢવા માટે ધુમાડો કરે છે એવામાં.

ચક્ષુશ્રવા— ઇંદ્ર સભાની ગજલ.
પાપી દુષ્ટ માહરો, તેં તપ કર્યો છે ભંગ,
હાથે કરી દૂખ માગીયુ, ધરી મન ઉમંગ.
જેવી રીતે માહરૂં, તેં વ્રત ભંગ કર્યું;
તેવી રીતે તાહરૂં હું, સુખતો હરૂં.
શ્રાપ આપું તુજને, તું આંધળો થશે;
દુશ્મન તુજ ચક્ષુ માંહી, કાચ ફેરશે.

પૃથીરાજ— અચાનક આશા કોમ.

દુર્બહતાદળું ક્યાંથી આવ્યું હું પરે,
શીશ દુર્વાસાના કોપના કરે.
અજાણપણામાં સ્વામી થયોરે અન્યાય;
ક્ષમા માગું મુનીવર, ક્રોધ તો સમાય.
દયાળુ દાસ ઉપર કરીને કૃપાય;
સાગર માઝા છોડે નહીં ખારા તો જળકાય.
પાપ મુક્ત મુને કરો માફી માગું આજ;
હીન્દીપતી હું છું સ્વામી જાણોની મહારાજ.

સંહાર— કવીત.

કપીલ જબ કોપે તબ, ભસ્મ કીયા સાગર સુત;
ગૌતમ જબ કોપે તબ, ઇંદ્ર કષ્ટ પાયો હે.
અગસ્ત જબ કોપે તબ, સમુદ્રકુ કીયા ખારા;
કોપે દુરવાસા, જદુબંસહી ગુમાવ્યો હે.
ભ્રગુ જબ કોપે તબ, કસકું લંછન કીયા;
કોપે મુચુંક ધંકાળ, જવનહી જલાયો હે.
એસે કુલગુરનકે, પ્રતાપ કહે ન જાત;
ઇનકે સંતાપેસે, કોન સુખ પાયો હે.

(પૃથીરાજના રાજ્ય મેહેલમાં હાહુલીરાય ચીઠી આપે છે)

રાગ દાહરો,

પૃથીરાજ તું પ્યારીમાં, અંધ બન્યો આ વાર,
સુલતાન તુજ ધરા, લેવા ધરે છે પ્યાર.

હાહુલીરાય— અનઝારે.

ધીક ધીક તને પૃથીરાજ, બન્યો ગોરીમાં અંધ તું આજ;
તેં મશ્કરી મારી કીધી, તેં ખબર મારી ના લીધી.
માર ખવરાવ્યો દાસીનો આજ. બન્યો.
તને મોહ પમાડયો તુજ નાર, કીધા દીલ્હીના બુરા હવાલ.
થયું અંધેરે તાહરૂં રાજ. ધીક.
હવે દેખાડું તુને મારા હાથ, માર ચહુઆણનો હું સાથ,
ફળ ચખાડું તુને હું આજ. ધીક.
ચંદ આવવું હોય તો આવ, મારે દીલ્હી પાણી અથાહરે.
હું જાઉં છું ગીજનીની આજ. ધીક.

ચંદભાટ— જોટક.

ધીરજ રાખો રાજા તમે, એહ કામ કદી નવ બને;
ગોરીમાં ગરકાવ બન્યા છે રાય, એ આપણો છે પ્રતીપાળ.
આવાં વચન નવ બોલો રાજા, સમુદ્ર કદી ન છોડે માજા.
કાલ ઠેકાણે તે આવી જશે, ગરકાવ થયો છે ગોરી વીશે.

શાહબુદીનની કચેરીમાં હાહુલીરાય આવે છે.

હાહુલીરાય— ઇંદ્ર સભાની ગજલ.

સુનો તમે શહાબુદીન ને કરોને અપના કામ,
દીલ્હી કેરૂં રાજ અપાવું, સત્ય કહુ આ ઠામ;
પૃથીરાજ તો ગોરીમાંને, અંધ બન્યો આધીન;
રાજ્યમાં અંધેર ઘણું ને, સુણો શહાબુદીન;
સામંત સર્વે મરી ખુટયા, રહ્યા ચાર હયાત;
કયમાશને પૃથીરાજે, માર્યો પીતાને હાથ.

કનોજ કેરી લડાઇમાં, ખુવાર થયા છે દશ;
ચામુંડરાયને બેડી ઘાલી, માનો તમે સત્ય;
રામ ગુરૂને ચંદ ભાટ, રહ્યા ત્યાં હયાત,
હું આવ્યો છું સરવે જોઇને, માનો મારી વાત.

સ્થળ—શહાબુદીનનું જનાનખાનું (રાગ જફાવો સીતમકુ')

બેગમ—ખાવીંદ મેરા દીલકું ચેન નહીં, ઐસા દુખ હોતાહે દીલમંહી.

શહાબુદીન—અરે ખુદા રહેમ નહીં તેરી, પ્યારી મેરી જાન તેં દુખમેં ઘેરી.

અચ્છા પ્યારી આવો તુમે મેરી પાસ;
ખુદા રહેમ રખેંગી કરો ના ઉદાસ.

બેગમ—અચ્છા હુવા મેરે દીલ જાન, કરો ખુદા સાથે હવે તો પીછાન.

શાહાબુદીન—દીલ્હી રાજા સાથે કરના હયે જેર, ઇસકી સાથ મેરા જનમકા વેર.

ઐસા બોલ સુનકે રજા દીજીએ, હીંદી જાતકા હમ વેર લીજીએ.

બેગમ—અચ્છા પ્યારા તુમ જાઓ રણ સંગ્રામ, કષ્ટ બખત લીજે ખુદાકા નામ.

ગીજનીની મશીદ.

શહાબુદીન— **સૈયર દુખ શું દાખવું.**

અલાહીલ્લા સુનો તમે, મેં કરતાહું સલામ;
રહેમ નહીં તેરી મુજકું, સુજે નહીં કંઇ કામ. અલ્લા.
પૃથીરાજ વો પૃથ્વીમે, બડા હય સીરદાર;
સાત દફેસેં હારીયા, બન્યા બડા ખુવાર. અલ્લા.

ગુજરાતકા મહીપતી, જીત્યા ભીમદેવ રાય;
પંજાબકું કબજ કીયા, દીલ્હી હય મહારાય. અલ્લા.
ગોવળકોંડા જીતી લીયા, વળી કચ્છ જે દેશ;
કનોજ હય ઘરે માહરે, હમ જીત્યા સબ દેશ. અલ્લા.
પૃથીરાજકું સાથ હું, જાતા હય લડવાઈ.
એસી બખત રહેમ કીજીએ, બંદગી સુનીએ ખુદાઇ. અલ્લા.

(સંયોગતાનો મહેલ) પૃથીરાજ શહાબુદીન સાથે લડાઈ જાય છે.)

જનુની જીવોરે ગોપીચંદની.

સંયોગતા—સ્વામી મારારે સુણો વીનતી, યુધ્ધે નવ જાઓ આજજી;
સુના મંદીરને સુના માળીઆ, સુનું દીલ્હીનુ રાજજી. સ્વા.
પૃથીરાજ—સોચ નવ કરો સુંદરી, યુધ્ધે જવું છે જરૂરજી;
હાહુલીરાય ફુટયો છે, ઉતારૂં મગરૂરજી. સોચ.
સંયોગતા—સુલતાન મહા દુષ્ટ છે, કાળ તણો સીરદારજી;
શ્રાપ સંભારો મારા વાલમા, તેવું છે થનારજી. સ્વા.
પૃથીરાજ—અપશુકન કરના પ્યારી માહરી, લાજે ચહુઆણ જાતજી.
જનુની લાજે મારી જગતમાં, લાજે સોમેશ્વર તાતજી. શો.
સંયોગતા—પ્રાણનાથ ચાલો ઉત્તરે, પર્વત હીમાચળજી;
સુખેથી દીન તીંહા કાઢીશું, દૂશ્મનનું પ્રણું દળજી. સ્વા.
પૃથીરાજ—પાન ચાવ્યા મેં જે મુખે, આવળ કેમ ચવાયજી.
સીંહ પેઠે પડું સૈન્યમાં, મારૂં શત્રુને ઠારજી. શોચ.
સંયોગતા—દયા લાવો પીવુ અંતરે. સ્વામી ચતુરસુજાણજી;
સામંત સર્વે મરી ખુટ્યા, નહીં એકલનું કામજી. સ્વામી.
પૃથીરાજ—યુધ્ધે ચડું હું એકલો, નહીં સામંતનું કામજી;

ક્ષત્રી બીજ મારે સાચવું, દેહ કરૂં કુરબાનજી. શોચ.

સંયોગતા—એકલ હઠ રાજા નહી કરો, થાયે ત્રીપ્રીત વાતજી;

દાસીની વીનતી દીલે ધરો, છોડો યુદ્ધનું નામજી. સ્વા.

પૃથીરાજ—દુશ્મન દળ આવી પહોંચશે, લેશે દીલ્હી રાજ્યજી;

હઠ છોડી દે પ્યારી માહરી, યુધ્ધે જવું છે આજજી. શો.

સંયોગતા—રાઠોડ તણી હું પુત્રી ખરી, આવું યુદ્ધમાં સાથજી;

વેર લઉં પ્રીતમ આપણું. બતાવું શત્રુને હાથજી. સ્વામી.

પૃથીરાજ—સાબાશ પ્રીયા તુજને, ધન્ય ધન્ય તુજ માતજી;

રાઠોડ કુળ ઉજાળ્યું તે. નહીં ત્રીયાનું કામજી. શોચ.

સંયોગતા—સ્વામી તેડો નહીં સાથમાં, ફાંસો ખાઉં મુજ કેશજી;

અબળાને પ્રીતમ છોડો નહીં, આપ બાળુડે વેશજી. સ્વામી.

પૃથીરાજ—કહ્યું કહેવા તું સુંદરી, રહો સુખેથી ધામજી;

ક્ષણમાં આવું શત્રુ વીદારીને, કરી આપણું કામજી. શોચ.

સંયોગતા—અબળા વીનતી ઉરમાં ધરી, જાઓ નહીં પ્રાણનાથજી;

આપ વીના હું એકલી, કોને રહું આધારજી. સ્વામી.

પૃથીરાજ—કાયર બોલ કહે નહીં, નીશ્ચે જાવું છે યુદ્ધજી;

જેર કરૂં હું વેરીને, રહે નહીં તેની સુધજી. શોચ.

સંયોગતા—દીલ્હી રાજ્ય જાય ભલે, શોચ નહીં મહારાજજી;

સૈન્ય સરવે છેદન થયું, સત્ય કહું શીર તાજજી. સ્વામી.

પૃથીરાજ—પ્રણામ છેલ્લા છે હવે, રાજ્ય કરો રક્ષણજી;

પ્રણામ છેલ્લા તખ્ત રાજને, કરશે વીભુ જતનજી. શોચ.

(પૃથીરાજ ગયા બાદ)

સંયોગતા— **રાગ હીન્દી.**

ધીર કરો રણુ વીરો જયકારી, દયા આણી પ્રભુ નાથ લ્યો ઉગારી.

ઉર ધીરો પ્રભુ વીનતી હ્યો સ્વીકારી. ઇશ.
મેહેર આણુ પ્રભુ કીંકરી હું તારી, વીનતી શું કરૂં દયા કરો ભારી.
તુજ ગતી પ્રભુ છે અતી ન્યારી. ઇશ.
ઘણા દુખ થકી સેવકોને તાર્યા, કૈંક ભગતોના કામ તમે સાર્યા;
દુષ્ટ દૈત્યોને પ્રભુ તમે સંહાર્યા. ઇશ.
કરી પ્રભુ તમે પ્રેહેલાદની વાર, કૈરવોનો પ્રીતે કર્યો સંહાર;
તેવીજ રીતે તું પ્રભુ ઉગાર. ઇશ.
સ્તુતી કરૂં શંભુ હવી કરજોડ, પુર ઇશ તું મુજ મન કેરા કોડ.
ભાંગ નહીં પ્રભુ તું સરખી જોડ. ઇશ.

(રૂથળ દીલ્હીનો મધ્ય ચોક.

પૃથીરાજનાં લડાઇનાં વાજીંત્રો શંકરનો ગણુ અલખગીર જાગી ઉઠે છે.

અલખગીર— હે શાંકરાજ.

હે દીલ્હી ભુપ (૨) તમે માનો વચન નીરધાર,
મલેચ્છ રાજ્ય લેશે ખારા સંદેહ નહીં લગાર;
તું બંધીવાન (૨) થાઇશ આની વાર,
ગીજની નીરચે લઇ જશે ને ચક્ષુ ફોડે નીરધાર;
ગીજની રાજા (૨) રાજ્ય કરે દીલ્હી તખત.
ગૌરીવંશ ફેલાઇ જશે, સત્ય કહું આ વખ્ત;
પછી ગુલામ વંશ (૨) કરશે દીલ્હીનું રાજ્ય.
તાતાર પતી તવ કબજ કરીને કરે પોતાનું કાજ
પંજાબ સુબો (૨) આવી કરશે સંગ્રામ,
સર્વેને હાર પમાડીને રાખે પોતાનું નામ;

પછી મુગલ રાજ્ય (૨) લેશે દીલ્હીની ગાદી,
અકબરશાહ જે બાદશાહ તે રાજય કરે આબાદી.
તે ભૂપ વીના (૨) બીજા જુલમી સુલતાન;
કેર કરે બહુ દેશમાંને, તોડે હીંદુના ધામ.
હીંદુ દેવળ (૨) તોડે તે વારવાર;
ગોહત્યા થશે ઘણીને ભોમ ન જીલે ભાર.
એવો અન્યાય (૨) જગત વીશે બહુ થાશે,
દક્ષીણવાળો દલ લાવીને રાજય હીંદુનું સ્થાપે;
ઈંગ્લાંડ પતી (૨) આવીને ચકવે કરશે.
અદલ ન્યાય તોલે ખરાને પ્રજા સૂખી બહુ થાશે.
તે રાજય માંહી (૨) અધર્મ તો વરતાએ,
કાબુલવાળો લઈ જશેને કરશે બહુ અન્યાય.
તે રાજય કરે (૨) છ વર્ષ દીલ્હીમાં ફાવી.
ઉદેપરવાળા આવીને દીયે તેને હરાવી,
ચાલે નીતી થકી (૨) રાણા કેરૂં તો રાજ.
વર્ષ પાંત્રીશ ભોગવી પછી થાય અવળું કાજ;
કરે પીર રાજ્ય (૨) અજમેરવાળા કહેવાયે.
તેર વર્ષ ટકયા પછી આવે રાઠોડરાય,
કરે રામ રાજ્ય (૨) દૂખ નહીં લગાર.
પ્રજા તણા પ્રતીપાળ થાશે સત્ય ભાંખુ આ વાર;

પૃથીરાજ— અચાનક આશો કોપ કીધોરે.

અચાનક આશો જુલ્મ થયોરે કીરતાર,
દુખ ઉપર દુખ આપે કૃપા નહીં લગાર;

દુરવાસાના શીષ્યનો મલ્યો મને શ્રાપ,
તે ઉપર બીજો શ્રાપ આપ્યો જગ બાપ.
હુથી શું બગાડ થયો ઇશ તાહરો.
પૃથીરાજ કેરો કરે બુરો જન્મારો;
હાય મલેચ્છો શું દેશે મને દુખ,
હરણ મારૂં કર્યું સર્વે તેંતો સુખ.

ચંદભાટ— **જોડી તેં નવ જોઈ માડી.**

શોક નવ કરો પ્રતીપાળ (૨)
બનવા કાળે સર્વ બને છે વર્તમાન કાળ,
સંસાર સર્વે છે ખારો (૨)
કલ્પાંત કર્યાથી કાંઇ નહીં બનશે આવે નહીં આરો.
ધીરજ રાખો મહારાજા (૨)
આપની ઉપર રત્નાગરે છોડી દીધી માઝા.
હરીચંદ્ર જેવા રાજા [૨]
નીચ ઘરે જઈ પાણી ભરીયું છોડી મરજાદા.
સતી દ્રૌપ્રદી નારી [૨]
સત્ય ચુકાવા કૌરવે તેને કીધી દૂખીઆરી,
કષ્ટ પ્રેહેલાદને આપ્યું (૨)
અંતે તેનો જય કરીને સુખ બહુ સ્થાપ્યું,
માટે કહુ છું વારી વારી (૨)
આવા કષ્ટથી ઈશ્વર લેશે આપને ઉગારી.

ચામુંડરાય— **ક્ષત્રી કલંક**

સુનો દીલ્હીપતી મહારાજ, દીલગીરી તમે દુર કરોને.
મારૂં ગોરી નીચ સૂલતાન. દીલગીરી,

કોણુ માત્ર છે શાહાબુદીન. દીલગીરી.
તેનુ પળમાં કરૂં હું છેદન. દીલગીરી.
મારી બાણુ કરૂં ચકચુર. દીલગીરી.
ક્ષાત્રી ગયું નથી હજી શુર. દીલગીરી.
આપ અંતર થાઓ ના ઉદાસ. દીલગીરી.
તમ શેવક ઉભો આપ પાસ. દીલગીરી.

પૃથીરાજ— સદર.

હરામી જે હાહુલીરાય, ક્ષત્રી શું પાછી પાની ભરોરે.
ચાડી શાહ પાસે જઇ ખાય, તેનેતો તમે ઠાર મારોરે;
આગળ વેન વીશ્વભર રાય. ક્ષત્રી.
યુર પાંડવનું વખણાય. તેને.
તેનું યાદ કરો શુરાતન. ક્ષત્રી.
કરો મલેચ્છ કુલ પતન. તેને.
શું જાખુ કરોછો વદન. ક્ષત્રી.
છેદો દૂષ્ટો કેરૂં તન. તેને.
ધરી કેસરીઆતો વેશ. ક્ષત્રી.
ઉરે દયા ન આણો લેશ. તેને.
તમે જાન કરો કુરબાન. ક્ષત્રી.
મારો પ્રીત થકી સુલતાન. તેને.

શહાબુદીને પૃથીરાજને હરાવી ગીજનીલઇ જઇ ત્યાં ચક્ષુ ફોડીબેડીઉનાંખેછે

પૃથીરાજ—

નમું પ્રભુ દુઃખ ધરીને આવાર
રાય હતો તે રંક બન્યોછે કેદ ભોગેછે આ વાર.

નમ્નતો કરૂં, પાય હું ધરૂ, ઇશ આવેથી કષ્ટથી તરૂં.
અજમેર ગાદી હું હતો ને કરતો દીલ્હી રાજ
ચક્ષુ ફોડીઉં, નાંખી બેડીઉં, હાથમાં હવે કાંઇ ના રહ્યું
આવા કષ્ટમાં ઇશ્વર મારી કરજો પુરણ સહાય,
વંદ ના કરૂં, અરજ ઉચરૂં, જે થકી હવે ભવ નીસ્તરૂ
બાદશાહ કચેરી ભરી બેઠાછે ત્યાં ચંદભાટ આવે છે.

ચંદભાટ— **કવીત.**

સાબાશ હે ગોરી શાહ; ધન્ય ધન્ય તુજમાય
હીંદુસ્તાન ધરે કીયા બોત સુખ પાયા હે.
અદલ ચલાવે ન્યાય, પ્રજા સુખી બહુ થાય
રણ માંહે રણ ધીર, દીલ્હી રાજ્ય જીતાહે
પંજાબ તો ધરે કીયા, ગોવલ કોડા જીતી લીયા.
કનોજ ખમેરી પ્રિતે, અઇસા સુલતાનહે.
કટાક્ષેતો કાળ કંપે, શત્રુ વેરી નામ જપે;
ચંદભાટ કહે એસા; રાવકું કબજ કીયા

કવીત.

અસલ અજમેર ગાદી, ચહુઆનકી અનાદી
પ્રતાપ જ્યું ટેકી શુરા, મેરા શીરતાજ હે.
અંગમાં ઉદારતાહે. મંદ મદ હસનેકો.
ભારથમાં ભડ એસો, ભાથે રામ બાનહે.
દીન નીશ દૂરમન, ડોલાવી હરે દારા
ભોળા ભીમ જીતી લીયા, અઇસા પૃથીરાજ હે
ક્રાન્તીમેં કજીઆકો, ધુંજાવી બુઝાવી બડો
જોરાવર જોદ્ધા કેરો, પીર પૃથીરાજ હે,

ડંકા દીયો દેશમાંહે, એસા ભડ કોઈ નહી
કહેત હયચંદ કવી, એસા ક્ષત્રી બીજહે.

ક્ષત્રી કલંક.

સુનોં મહારાજા પૃથીરાજ, ચોટ ના ચહુઆણ ચુકેરે
સ્વ ધનુષ્ય ધર્યું તમે આજ. ચોટ.
માર્યો ભીમે દુર્યોધન રાય. ચોટ.
રામે માર્યો લંકેશ્વર ત્યાંય. ચોટ.
લક્ષમણુ અને મેઘનાથ, ચોટ.
માર્યા પારથે કૌરવ સાથ. ચોટ.
સીધરાજ અને રાખેંગાર ચોટ.
ભર્થ અને રામ કુમાર, ચોટ.
અનીરૂધ સાથે સાથે ક્રસ્નરાય. ચોટ.
મોટો તવો જાણો મનમાંય ચોટ.

દોહરો,

ચાર વંશ ચોવીશ ગજ, અષ્ટ એંગુલ પ્રમાણુ.
એતે પર સુલતાન હે, મત ચુકે ચહુઆણ

દીલ્હીમાં સંયોગતાનો મેહેલ પૃથીરાજને કેદકરી લઇ ગયા બાદ.

સંયોગતા— સીતાજીના મહીનાનો.

સખી પરભવ પાપ અમાપ કરી હુંતો અવતરી
આજે પૃથીરાજ નાથ પ્રાણે સુને પરહરી.
દુખ દરીઆમાં નાંખી આજ પતી પરવશ થયા
તુમ વીનાઓ પ્રાણુનાથ પ્રાણુતો ઉડી ગયા.
પડયો રંગમાં મારે ભંગ, અરેરે આ વીધુ

દુખ પડીઉં ઘણું મુજ અંગ, તુંમ વીના વીજુ.
ધીક ધીક હાહુલીરાય, પતી પકડાવીઆ
થયો નીમક લુણ હરામ, પ્રાણ તજાવીયા.

પૃથ્વીરાજના મર્ણના ખબર સાંભળી.

લલીત.

તુમ વીના પ્રભુ જીવી શું કરૂં, પતી પતી હવે કયાં તુને મળું;
શું સુજયું તને પ્રાણના વીસુ, અપાર દુખ તો આપીયું શંભુ.
પ્યારા નાથરે કયાં જઇ રહું, પતી પતી હવે કયાં તુને મળુ;
સંસાર સર્વે આ સુખનો ગયો, પ્યારા પતી તણો વીજોગતો થયો.
દુખની વાત આ કોને જઇ કહું, પતી પતી હવે કયાં તુને મળું.
કર્મ કષ્ટથી કત આ થયું, સર્વ સુખતો આહરૂં ગયું;
દર્શન હવે ક્યારે હું કરૂં, પતી પતી હવે કયાં તુને મળું.
અરર ચીત્તમાં થરર થાય રે, અરેરે ઇશ્વરા હાય હાયરે.
તુજ વીના પતી જીવી શું કરૂં, પતી પતી હવે કયાં તુને મળું.

રાગ માડ.

સતી થાઉં છું આ સમે, પ્યારા હો વીજુ;
પુત્રી તુજ ચર્ણે નમે, પ્યારા હો વીજુ
લખ્યું મારા લેલાટમાં, તેજ થયું આવાર;
પ્રાણનાથ વીના સુનો, સરવે લાગે સંસાર. પ્યારા.
ઇશ્વર મારી બેડલી તારો, આપ્યું કષ્ટ અપાર;
સુખનો સુર્ય અસ્ત પામ્યો, જાતાં દીલડી દેહરરે. પ્યારા.

માગું દેવ ધરતી માતા, વીનવું વારંવાર;
શંભુ ચર્ણે શીશ નમાવું, હોંશ ધરી આવારરે. પ્યારા.

દોહરો.

સતી થાસ છે સંયોગતા, જાતાં દીલ્હીનાથ;
જુઓ જુગનું જોડલું, પૃથીરાજની સાથ.

ઉચ્છિન્ન— અધ્યયર દુખ શું દાખવું.

અપાર દુખ છે આ સમે, જાતાં પ્રાણાધાર;
હાય પ્રભૂ હવે શું કરૂં, સુનો લાગે સંસાર.
મધ્ય દરીએ પહોંચતા, ડુબ્યું માહરૂં જાજ;
સુખ સર્વે અસ્ત થયું, જાતાં પૃથીરાજ. અપાર.
ધર્યું સોનું ધુળ મળ્યું, સંકટ આવીઉં શીર;
પ્રીત થકી હવે માહરી, ત્રજાંવું શરીર. અપાર.
સતી થાઉં જગ દેખતાં, પ્રભુ પ્રાણાધાર;
શંકર તુજને હું નમું, ભવ પાર ઉતાર. અપાર.

સર્વે પાત્રો— રાગ કલ્યાણ.

શ્રી સીતા પતી, કરી પુણું તો કતી;
તુજ તણી પ્યારા પ્રભૂ, ન્યારી છે ગતી.
દીલ્હીપતીનું નાટક રચીયું, પ્રીત ધરી આવાર;
વાંચી ઉત્તેજન આપોને, વીનવું વારંવાર. શ્રી.
ભારથ ભુમી જય કરવાને, સુરાનો ગીતાર;
સ્વદેશીનું ડીંગ ચાહીને, કરો જય કીરતાર. શ્રી.

ચહુઆણ વંશમાં શુરો રાજા, થયો પૃથીરાજ;
તવા એ બાણે મલેચ્છોનો, માર્યો છે શીરતાજ. શ્રી.
એવા! ભર્થ ભુમી ઉપર, અગાઉ થયા શુરવીર;
ચક્રવતીની પદવી મેળવી, રાખી રણમાં ધીર. શ્રી.
માટે મીત્રો મારા કહું છું, હૈયે રાખો હામ;
ભગવાન કહે છે ભાવ ધરીને, રાખો જગમાં નામ. શ્રી.

સમાપ્ત.

સુંદરીના મહીના. ૦—૦—૬
રાધાજીનો વીવાહ ત્થા આતમ ઉપદેશી
બારમાસ ત્થા બીજા મહીના. ૦—૦—૬
બોળા ભગતના ચાબખા સીતા વનવાસના ધોળ સાથે ૦—૦—૬
દ્રૌપદી વસ્ત્રાહરણના ગાયન. ૦—૨—૩
શીવ પંચાક્ષરી મહા મંત્ર સાથે. ૦—૧—૦
નારાયણ કવચ ટીકા વાળા. ૦—૧—૦
રામરક્ષા ટીકા વાળી. ૦—૧—૦
મહીમન ટીકા સાથે. ૦—૧—૬
પૃથુરાજ નાટકના પુર ભભકાથી સારા રસીક ગાયન સહીત
તૈયાર નવા. ૦—૨—૦
ગોપીચંદ નાટકના ગાયન. ૦—૨—૦
કાચબા કાચબીના ભજન. ૦—૦—૩

ઉપર દરસાવેલી તમામ બુક મારી પાસે તૈયાર છે માટે જે સાહેબોને જોયતી હોયતો પત્ર લખી ખુલાસો મગાવવો વેપારીને માટે ભાવ ઘણોજ સસ્તો રાખ્યો છે તો એક વખત મગાવી ખાત્રી કરો જેથી બીજે લેવા ધારશો નહીં. આ સીવાય બીજી તમામ જાતના બુક કરી મળી શકસે. એજ.

સહી. ભગવાનદાસ દેવસીભાઇ. બુકસેલર.
ઠા૦ નિગાળા સ્ટેશન.

જાહેર ખબર.

સર્વે નાટક કુંપનીના મેનેજર સાહેબોને વીનંતી પુર્વક ખબર આપુંછું કે આ પૃથીરાજ ચહુઆણ નાટકના ઓપેરા છપાઈ બહાર પાડેલ છે માટે આપ સાહેબોને વાંચવાથી ભજવવાની ખુશી થાયતો સદર ગાયનનું મોટું નાટક ભાષણ સહીત સારા કવી પાગળ સુધરાવી થોડા વખતમાં બહાર પાડવાનું છે તો જે સાહેબોને ભજવવા ઇચ્છા હોયતો પત્ર લખી ખુલાસો મંગાવવો.

સહી. ભગવાનદાસ દેવસીભાઈ. બુકસેલર.

હાલ નિંગાળા.

અમારી છપાવેલી બુકો મળવાનાં ઠેકાણાં.

ભાવનગર. બુ. પાનાચંદ તેજા. વોરા અબદુલ હુસેન.

ઉમરાળા. ઠ. વીઠલ ગોરધન.

લીંબડી ગાંધી છગન સંઘજી.

જુનાગઢ. બુ. ગોવીંદજી નાનજી.

વઢવાણ કાંપ બુ. ડુંગરશી જુરાભાઈ.

અમદાવાદ. બુ. બાલાભાઈ નગીનદાસ. તથા જેશંગભાઈ મોતીલાલ. તથા શેઠ કેસવલાલ જયચંદને

નીંગાળા. બુકસેલર વેલસી કાંનજી.

ઠકર. સધુર હરજી તથા પ્રસિધ્ધ કર્તા પાસેથી

બુ. ભગવાનદાસ દેવસીભાઈ.